# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MODI NARMADA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના પ્રવાસ દરમિયાન આજે નર્મદાના ડેડિયાપાડા  પહોંચ્યા. જ્યાં પ્રધાનમંત્રીએ રોડ-શો યોજી લોકોનું અભિવાદન ઝીલ્યું. ઉપસ્થિત લોકોએ પણ પુષ્પવર્ષા કરી પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત કર્યું. પ્રધાનમંત્રીએ ભગવાન બિરસામુંડાની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી.

આ પહેલા શ્રી મોદીએ સાતપુડાની ગિરિમાળામાં આવેલા પ્રખ્યાત યાહા મોગી માતા દેવમોગરા ધામમાં દર્શન કર્યા. તેમજ પરંપરાગત રીતે માતાજીની પૂજા-અર્ચના કરી. દેવમોગરી ધામ ખાતે આદિજાતિ સમાજનાં કુળદેવી પાંડોરા માતા બિરાજમાન છે. આ ધાર્મિક સ્થળ પર નર્મદા જિલ્લાનો સૌથી મોટો મેળો યોજાય છે. આ પૌરાણિક મંદિર દેવમોગરા ધામ નેપાળના પશુપતિનાથ જેવું જ બહારથી દેખાય છે. આ પહેલા નર્મદા પહોંચતા જ લોકોએ ભવ્ય સ્વાગત કરતા પ્રધાનમંત્રીએ તેમનું અભિવાદન ઝીલ્યું હતું. દરમિયાન ઉપસ્થિત એક નાગરિકે પોતાની પ્રતિક્રિયા આપી.

(BYTE: LOCAL PERSON)

ઉલ્લેખનીય છે કે, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આદિજાતિ સમુદાયના લોકો યાહામોગી પાંડોરીની કુળદેવી તરીકે અપાર શ્રદ્ધા-આસ્થા અને ભક્તિ સાથે પૂજા-અર્ચના કરે છે. આ પવિત્ર હેલાદાબની આદિ-અનાદી કાળથી અનેરો મહિમા રહ્યો છે.

હવે શ્રી મોદી નર્મદાના ડેડિયાપાડા ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણીમાં ભાગ લેશે. તેમજ અંદાજે નવ હજાર કરોડ રૂપિયાથી વધુના

વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે પ્રધાનમંત્રી દિલ્હી જતા પહેલા સુરતમાં રહેતા બિહારના લોકો સાથે મુલાકાત કરશે. સુરત વિમાનમથક બહાર બિહારના લોકો પ્રધાનમંત્રીનું સ્વાગત કરશે.

આ પહેલા સવારે સુરત ખાતે પ્રધાનમંત્રીનું આગમન થયું. સુરત વિમાનમથક ખાતે કેન્દ્રીય મંત્રી સી. આર. પાટિલ અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી મોદીએ સુરતમાં અંત્રોલિ ખાતે હાઇ-સ્પીડ બૂલેટ મથકનું નિરીક્ષણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

## Vav Tharad- Pehal

વાવ-થરાદ જિલ્લામાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં શિક્ષણક્ષેત્રે નવી લોક કલ્યાણકારી પહેલનો પ્રારંભ કરાયો. જિલ્લાના ભાભર તાલુકાના કુંવાળા પ્રાથમિક શાળા ખાતેથી જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં બાળકો સાથે મધ્યાહ્ન ભોજન લેવાની પહેલનો પ્રારંભ કરાયો હતો.

આ પ્રસંગે શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, વાવ-થરાદ જિલ્લા વહીવટી તંત્રના ૧૦૦ જેટલા કલાસ ૧ અને ૨ના અધિકારીઓ દર અઠવાડિયે શાળા અને આંગણવાડીની મુલાકાત લઈને બાળકો સાથે મધ્યાહ્ન ભોજન કરશે.

આ કાર્યક્રમમાં સાંસદ ગેનીબેન ઠાકોર, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી સહિત વહીવટી તંત્રના અધિકારીઓ, સહકારી આગેવાનો, શિક્ષકગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# Har ghar swadeshi

**પ્રધાનમંત્રીના 'હર ઘર સ્વદેશી,ઘર ઘર સ્વદેશી' અભિયાનને વધુ ગતિમય અને તેજોમય બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યના હાથસાળ અને હસ્તકલાની સ્વદેશી બનાવટો-સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.**

**રાજ્ય સરકારના હાથસાળ અને હસ્તકળા વિકાસ નિગમ અંતર્ગત એપ્રિલથી ઓક્ટોબર-૨૦૨૫ એટલે કે છેલ્લા ૦૭ મહિનામાં ગરવી ગુર્જરી એમ્પોરિયમ ઉપરાંત રાજ્ય તથા રાજ્ય બહાર કુલ ૩૪ મેળા-પ્રદર્શનનું આયોજન કરાયું હતું. જેના થકી કુલ ૧૭ કરોડ રૂપિયાથી વધારે કિંમતની સ્વદેશી હાથશાળ-હસ્તકલાની ચીજ વસ્તુઓનું વેચાણ કરીને 'આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત'ની દિશામાં મહત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.**

**સ્વદેશી બનાવટોના વેચાણ થકી અંદાજે કુલ ૭,૦૦૦થી વધુ કારીગરોને રોજગારી મળી છે.**

**આગામી સમયમાં દિલ્હી, અમૃતસર, દહેરાદૂન, લખનઉ, કોલક્તા,સુરત અને સુરજકુંડમાં મેળા-પ્રદર્શન યોજાશે.**

. . . . . . . . . . . . .

# SIR SRN

**સુરેન્દ્રનગર** કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી રાજેન્દ્રકુમાર પટેલની અધ્યક્ષતામાં મતદાર યાદી ખાસ સુધારણા કાર્યક્રમ હેઠળ એક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓને મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષો તરફથી મળેલા મહત્વપૂર્ણ સૂચનો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત સામાન્ય નાગરિકોને મતદાર યાદીમાં નામ ઉમેરવા, સુધારવા કે દૂર કરવામાં જે પણ વ્યવહારુ મુશ્કેલીઓ પડી રહી છે, તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . .

# CHOTAUDEPUR- BAAL DIVAS

છોટાઉદેપુરમાં બાળ દિવસની ઉજવણી પ્રસંગે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા બોડેલી શાખા તાંદલજા શાળાના બાળકોને વોટર કુલર ભેટ અપાયું.

ગઇકાલે બાળ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી ત્યારે બાળ દિવસના ઉપલક્ષમાં સ્ટેટ બેન્ક ઓફ ઈંડિયા બોડેલી શાખા દ્વારા તાંદલજા પ્રાથમિક શાળા ને વોટર કુલર ભેટ આપી સાચા અર્થ માં બાળકોના હિત માટેનું સરાહનીય કાર્ય કર્યું છે...

(બાઈટ - પ્રદીપ શર્મા)

બાળકો માટેના આ કલ્યાણ કારી કાર્યક્રમમાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના મેનેજર પ્રદીપ શર્મા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થતિ રહ્યા હતાં.

. . . . . . . . . . . . .

# SABARKANTHA-SANKAL BETHAK

સાબરકાંઠાના હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંધ સાંદુની અધ્યક્ષતામાં  સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં હિંમતનગરમાં કમોસમી વરસાદના પગલે ખેડૂતોને થયેલ નુકસાન અને તેના વળતર અંગે, રાષ્ટ્રીય રાજમાર્ગ તેમજ સર્વિસ રોડ, નગરપાલિકા વિસ્તારમાં રોડ રસ્તાનુંસ સમારકામ,  ગટરલાઇન અને તેના બજેટ સ્વચ્છતા, ઓવર બ્રિજ, રેલ્વે બ્રિજ, અન્ડર ગ્રાઉન્ડ વીજ લાઇનની કામગીરી, સહિતના પ્રશ્નોની સમીક્ષા કરાઇ હતી.

. . . . . . . . . . . . .